# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/272 Dt. 29/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## વિવનીટ એક્ઝીબીશનના નવા ચેપ્ટર તરીકે 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો' યોજાશે, નવા લોગો સાથે લોન્ચીંગ સેરેમની સંપન્ન થઇ

### પરિવર્તન કોઇ પણ વિકાસની ગતિનું પહેલું પગથિયું છે, સુરતના ટેક્ષ્ટાઇલને ગ્લોબલી કક્ષાએ લઇ જવાના લક્ષ્યાંક સુધી પહોંચીશું : ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

### 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો'માં ટેક્ષ્ટાઇલની આખી વેલ્યુ ચેઇનને આવરી લેવાઇ છે, સુરતના ફેબ્રિકને લોકલથી ગ્લોબલ સુધી લઇ જવા માટે આ એક્ષ્પોમાં વિદેશોથી બાયર્સને લાવવામાં આવશે : ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા

### 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો'નું પ્રથમ એડીશન તા. ૨૬, ૨૭ અને ૨૮ જૂન, ૨૦૨૬ દરમ્યાન યોજાશે, આ એક્ષ્પોના માધ્યમથી વૈશ્વિક દ્વાર ખોલવાના પ્રયાસ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે વરાછા સ્થિત લા ફાઉન્ટેન ખાતે વિવનીટ એક્ઝીબીશનના નવા ચેપ્ટર તરીકે 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો– ૨૦૨૬' માટે નવા લોગો સાથે લોન્ચીગ સેરેમની યોજાઇ હતી. SGCCI ગ્લોબલ ફેબ્રિક

એક્ષ્પો ૨૦૨૬ સંદર્ભે ઓફિશિયલ અનવેલીંગ તથા નવો લોગો રિવીલ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત મહેમાનો, ઉદ્યોગ આગેવાનો, એકઝીબીટર્સ અને ચેમ્બરના સભ્યો દ્વારા ઉત્સાહભેર આવકાર મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ઉદ્યોગોને નવી તકો, આંતરરાષ્ટ્રીય જોડાણો અને બિઝનેસ ગ્રોથ માટે સતત પ્રયત્નો થઇ રહયા છે અને વિવનીટ એકઝીબીશનનું નવું ચેપ્ટર 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો' તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે કહયું કે, પરિવર્તન એ સંસારનો નિયમ છે અને પરિવર્તન કોઇ પણ વિકાસની ગતિનું પહેલું પગથિયું છે. નવા વર્ષની ઘણી સારી શરૂઆત થઇ રહી છે. યોગ્ય પ્લાનિંગ કરીને લક્ષ્યાંક સુધી પહોંચી શકાય છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, વિવનીટ એકઝીબીશનમાં પહેલા માત્ર વિવર્સ અને નીટર્સ જ એકઝીબીટ કરી શકતા હતા, પરંતુ નવા લોગો સાથે લોન્ચ થયેલા SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પોમાં એમ્બ્રોઇડરી તથા તેની સાથે ડિજિટલ પ્રિન્ટ, ફોઇલ પ્રિન્ટ, પોઝીશન પ્રિન્ટ સહિત ટેક્ષ્ટાઇલની આખી વેલ્યુ ચેઇનને આવરી લેવાઇ છે. આ એક્ષ્પોમાં ગારમેન્ટ ફેબ્રિક સહિત તમામ ફેબ્રિકનો સમાવેશ કરવામાં આવશે અને સુરતના ફેબ્રિકને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઇ જવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, સુરતના ફેબ્રિકને લોકલથી ગ્લોબલ સુધી લઇ જવા માટે SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પોમાં વિદેશોથી બાયર્સને લાવવામાં આવશે. નવા લોગો સાથે લોન્ચ કરાયેલા આ એક્ષ્પોને વૈશ્વિક કક્ષાએ લઇ જવાના પ્રયાસ કરવામાં આવી રહયા છે, જેથી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની સમગ્ર વેલ્યુ ચેઇનને તેનો લાભ થશે. ચેમ્બર દ્વારા આ એક્ષ્પોના માધ્યમથી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે વૈશ્વિક દ્વાર ખોલવાના પ્રયાસ થઇ રહયા છે. વધુમાં તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોડકટમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કરી પેટર્ન બનાવવાની સલાહ આપી હતી.

ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરી જણાવ્યું હતું કે, વિવનીટ એકઝીબીશનનું 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો' તરીકે નવા નામકરણથી પ્રદર્શનને વૈશ્વિક ઓળખ મળશે અને દેશ–વિદેશના ખરીદદારો, ઉત્પાદકો તથા ટ્રેડર્સને એક મજબૂત પ્લેટફોર્મ મળશે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે જણાવ્યું હતું કે, પ્રોડકટને સારી રીતે ગ્લોબલી કક્ષાએ પ્રદર્શિત કરવા માટે સૌથી સારુ માધ્યમ એકઝીબીશન છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિવનીટ એકઝીબીશનની ચોથી આવૃત્તિ રજૂ થઇ હતી, એને હવે વૈશ્વિક કક્ષાએ લઇ જવા માટે SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો તરીકે રજૂ કરાશે, જેમાં એકઝીબીટ કરવા માટે તેમણે ટેક્ષ્ટાઇલના ઉદ્યોગ સાહસિકોને અનુરોધ કર્યો હતો.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય ડો. હરેશ પટેલે જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પોનું પ્રથમ એડીશન આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮ જૂન, ૨૦૨૬ દરમ્યાન યોજાશે, જેમાં દેશના દરેક ખૂણેથી એકઝીબીટર્સ, બાયર્સ અને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના આગેવાનો અને નિષ્ણાતો ભાગ લેશે. એના માટે રોડ શો કરવામાં આવશે. આ એક્ષ્પોમાં એકઝીબીટર્સને નવા બાયર્સ મળશે.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અતુલ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં ટેક્ષ્ટાઇલ, ફેબ્રિક, ગારમેન્ટ અને સમગ્ર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગ આગેવાનો, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો તથા ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.